

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નાચે ભૂત, વાગે ડાકલાં, અમારે કાળી ચૌદસ!*
*કરે રક્ષા હનુમાનજી, અમારે કાળી ચૌદસ!*
*હૈયે હોળી, પ્રગટે દીવા, અમારે કાળી ચૌદસ,*
*માલ્યાઓને રોજ પૂનમ, અમારે કાળી ચૌદસ*

### હાઈકુ

*ફૂટે ફટાકા*
*ચાઈનીઝ તોરણે*
*શોભે સીમાડા*

*બૉંબ-ગોળી ને*
*પથ્થર મારો ખાય*
*કાળી ચૌદસ!*

### ચિંતન

*બ્રહ્માદિસ્તમ્બપર્યન્તા મૃષામાત્રા ઉપાધયઃ ।*
*તતઃ પૂર્ણં સ્વામત્માનં પશ્યેદેકાત્મના, સ્થિતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત 'રત્ન ભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

બ્રહ્માથી લઈ તણખલા સુધીની બધી ઉપાધિઓ કેવળ મિથ્યા છે, માટે એક સ્વરુપે રહેલા પોતાના આત્માને પૂર્ણરૂપે જોવો જોઈએ.

આત્માને અંતિમ પરમ ગતિ પરમાત્મા જ છે જન્મોજન્મ જીવ સંસ્કાર અને સમજ પ્રમાણે પ્રગતિ કરે છે અને 'પરમાત્મા'ની નજીક જવા પ્રયત્નસીલ રહે છે. અંતે પરમાત્માનો અંશ પરમાત્મામાં વિલીન થઈ જાય છે. આ થવા માટે જાગૃત દષ્ટિ રાખવી જોઈએ.

### સુવિચાર

- શબ્દો સુંવાળા વાપરો, પણ દલીલ સખત કરો - **જાપાની કહેવત**
- શીંગડું સીધું કરવામાં બળદને મારી નાખવો શાણપણ નથી - **જાપાની કહેવત**
- જો તમારામાં તાકાત ન હોય તો ભારે વજન ન ઉપાડો,
  જો તમારા શબ્દો નકામા હોય તો સલાહ ન આપો - **પ્રબોધ બત્રીસી**
- ઘરમાં બેઠેલો કૂતરો અને કરડતી જીવાત તરફ ભસે છે, પણ શિકારે નીકળેલા કૂતરાને જીવાત લાગતી જ નથી - **ગુણવંત શાહ**
- માણસ કૂતરો પાળે પછીયે તે પોતે ભસ્યા કરે તો મૂર્ખ ગણાય - **બી.એન.દસ્તૂર**
- ગંગા નદી એક પથ્થર નાખવાથી ડહોળાતી નથી - **રામકિશન 'પારસ'**
- આજનું ઔષધ : એક ગ્લાસ ટામેટાનો રસ પીવાથી એક અઠવાડિયામાં દાદ રાહત થાય છે, રસ નયણાં કોઠે લેવો

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર મુલ્લા નસરૂદ્દીન કંઈક મનમાં નક્કી કરી અને તેને ના ભૂલવાનું સંકલ્પ કરી ઘરે આવ્યા. તેમણે પોતાના પહેરણમાં ગાંઠવાળી જેથી કરીને તેમને યાદ રહે. ઘરે પહોંચતા પહોંચતા તેઓ ભૂલી ગયા હતા કે પહેરણને ગાંઠ મારી છે પણ શા માટે ? બેચેની વધતી ગઈ. યાદ કરવાની ઘણી કોશિશ કરી પણ પરિણામ શૂન્ય. રાત પડી. પત્નીએ કહ્યું, યાદ ન આવે તો કંઈ નહીં પણ અત્યારે તો સૂઈ જાવ. સવારે યાદ કરજો. મુલ્લા બોલ્યા, 'ના એમ કંઈ થોડું ચાલે...'મેં નક્કી કરેલું કે આજથી એ કામ કરવાનું શરુ કરવું જ છે. કોઈ પણ ભોગે હું તેની અવગણના કરી શકું તેમ નથી. તમે ભલે સુઈ જાઓ હું યાદ કરીશ.' અડધી રાતે ઘડિયાળમાં બે વાગ્યાના ડંકા પડ્યા ત્યારે મુલ્લાને યાદ આવ્યું કે તેમને નક્કી કર્યું હતું કે વહેલા સૂઈ જવું. આ જ વાત યાદ રાખવા પહેરણને ગાંઠ મારી હતી. આવું જ તમામ મહત્ત્વાકાંક્ષી લોકો સાથે બને છે તેઓ એટલી બધી ઈચ્છાઓ કરે છે કે પોતે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરે છે ત્યાં સુધીમાં તેઓ ભૂલી પણ ગયા હોય છે કે તેઓ શું મેળવવા માંગતા હતા. જયારે તમે જીવનભર મહત્ત્વાકાંક્ષાઓ સાથે દોડતા રહો છો ત્યારે તમે સહેલાઈથી રોકાઈ શકતા નથી. દોડવું તમારું અસ્તિત્વ બની જાય છે. જો તમે રોકાવા માંગતા હોવ તો આ જ પળ છે તેને માટે કોઈ ભવિષ્ય નથી, તેના માટે આ જ વર્તમાન ક્ષણ ઉત્તમ છે.

# કકળાટ કાઢવાની કાલરાત્રી

**તંત્રીસ્થાનેથી...**

ચાર મહારાત્રીઓમાં 'કાલરાત્રી'નો પણ સમાવેશ થયો છે. કાળ કોઈને છોડતો નથી, પછી તે પરમાત્માનો પૂર્ણ અવતાર રામ કે કૃષ્ણ જ કેમ ન હોય. કાળી ચૌદશને નરક ચતુર્દશી પણ કહેવામાં આવે છે. નરકાસુર પર વિજય મેળવી એણે બંધક બનાવેલી અસંખ્ય રૂપસુંદરીઓને શ્રીકૃષ્ણે એમની નરક યાતનામાંથી મુક્ત કરાવી હતી. એટલું જ નહીં, સમાજમાં ઉન્નત મસ્તકે જીવી શકે એ આશયથી એમનો પોતાની પત્નીનો દરજ્જો પણ આપ્યો હતો. કૃષ્ણ આટલાં વર્ષો પછી પણ એમના જીવનકાળ દરમિયાન હતા એટલા જ લોકપ્રિય કેમ રહ્યા છે ? કદાચ એનું એક કારણ એમની આ વિશ્વવ્યાપી પ્રેમ વિભાવના છે. એ રાધાને પ્રેમ કરી શકે છે, રુકિમણીનું હરણ કરી શકે છે, સત્યભામાને પરણી શકે છે તો વળી કુબ્જાને પણ આલિંગન આપી શકે છે અને નરકાસુરે ભોગવેલી રૂપસુંદરીઓને પણ પત્નીનો દરજ્જો આપી સમાજના ગૃહસ્થાશ્રમમાં પુનઃસ્થાપિત કરી શકે છે. શ્રી કૃષ્ણે કદાચ એજ કારણાસર પૂર્ણ પુરુષોત્તમ છે કે એમને પોતાના પૂર્વાવતાર ભગવાન રામચંદ્ર દ્વારા પ્રસ્થાપિત મર્યાદાઓનો લક્ષ્મણરેખાઓનું સમજણપૂર્વક ઉલ્લંઘન કર્યું છે. કાળી ચૌદશની રાતે અઘોરપંથીઓ અને તાંત્રિકો સાધના કરે છે. આ તામસી પ્રકૃતિના તહેવારને દીપોત્સવી પર્વ શ્રૃંખલામાં સામેલ કરનારા આપણા પૂર્વજોની પ્રજ્ઞા કેવી સર્વાશ્લેષી છે ! આપણા સનાતન ધર્મમાં વિશુદ્ધ વૈષ્ણવ પરંપરાથી લઈ તામસી તંત્રવિદ્યાનો સરખો સમાદર થતો રહ્યો છે, 'જા' કરના સમર્થક અને 'માતરમ્ અપિ ન ત્યજેત' કહી પ્રસ્થાપિત કૌટુંબિક તથા સામાજિક મૂલ્યોને પાયામાંથી હચમચાવી મૂકનાર આદિ રેશનાલિસ્ટ ચાર્વાકને પણ ઋષિ માનીને પૂરતાં માન-સન્માન અપાયાં છે. કાળી ચૌદશની સ્મશાન સાધના રોમાંચક કથાનકોમાં વણાતી આવી છે. આ બીભત્સ પર્વના દિવસો જ મહાભારતનું યુદ્ધ શરૂ થયું હોવાનું કહેવાય છે. એ સર્વનાશમાં જ પરિણમે એની બધાને ખાતરી હોવા છતાં ભીષ્મ અનો કૃષ્ણ જેવી પ્રજ્ઞાવાન મહાન વિભૂતિઓને એમાં જોડાવું પડ્યું હતું. આનું જ નામ તે કાળબળે.

કાળી ચૌદશે કાજળ આંજવાનો પણ મહિમા છે. કહેવત પણય છે : કાળી ચૌદશા આંજ્યા, કોઈથી ના જાય ગાંજ્યા... કાળી ચૌદશે કકળાટ કાઢવાનો હોય - પછી એ ઘરનો હોય,સમાજનો હોય કે રાજકારણનો. ટ્રમ્પ જોહુકમીપૂર્વક આખી દુનિયા પર અમેરિકાની જમાદારી ઠોકી બેસાડવા કૃતસંકલ્પ હોય ત્યારે એમની એ દાદાગીરી સામે મહાભારતનું યુદ્ધ લડી લેવાની સહિયારી તૈયારી દાખવવી જ રહી. એ જ રીતે ચીન કે પાકિસ્તાનનો કકળાટ પણ કયાં સુખી ખમવાનો ? કદાચ આ દીપોત્સવી પર્વે આવા અનોક પ્રશ્નો આપણા રાજકીય નેતાઓ અને રાષ્ટ્ર નિર્માતાઓના મનમાં પણ જરૂર સળવળતા હશે.

# ક્ષણિક - શાશ્વતનો ભેદ પારખીએ



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'પપ્પા, ચાલો, આજે સાંજે આપણે ત્યાં કામ કરનારા બે-ત્રણ પરિવારોને દીવાળી નિમિત્તે કોઈ મોટા મોલમાં ફરવા લઈ જઈએ અને પછી એમને જમાડીએ.' ચાહતે કહ્યું.

'બેટા તને બહુ સરસ વિચાર આવ્યો, એ બાળકોની આંખોમાં આપણે જે આનંદ જોઈશું ને ત્યારે આપણને પણ આનંદ થશે...' પપ્પાએ જવાબ આપ્યો.

'મેં તો નક્કી કર્યું છે, કૉલેજના ખર્ચમાંથી હવે નિયમિતરૂપે હું થોડી રકમ બચાવીસ અનો આવા જરૂરિયાતમંદ લોકોની જરૂરિયાતો પૂરી કરવામાં નિમિત્ત બનીશ એવો સંકલ્પ છે મારો... ચાહતે ઉમેર્યું.'

નૂતન વર્ષ એટલે નવી હવા, નવો સૂરજ, નવા લક્ષ્યાંકો, નવા આયોજનો, નવી સિદ્ધિઓ તરફની ઉડાન, નૂતન વર્ષ એટલે નવી વાતને, નવા વિચારને, નવા આચરણને અમલમાં મૂકવાનો દિવસ, પરંપરાને સાચવીને એમાં સમય સાથે કદમ મિલાવતા મિલાવતા પરિવર્તનોને ભેળવી એક નૂતન સ્વરુપની ઓળખ ઊભી કરવાનું પર્વ એટલે નૂતન વર્ષ.

નૂતન વર્ષે - બેસતા વરસે વહેલા ઊઠી જવાનું, પ્રાતઃ કર્મ પ્રગટાવો એ પહેલા તો કાનમાં અવાજ સંભળાયો 'શુકનનું કંકુ, શુકનનું મીઠું...' અને ઘરનો મહિલા વર્ગ આ શુકનનું કંકુ-મીઠું લઈ આવનાર પાસેથી તે લે અને પૈસા આપે અને પછી ઘર આખાના ખૂણે ખૂણે એને પાથરે... ભાવના એક જ કે નવા વરસે ઘર આખામાં શુભત્વ ફેલાય !! નવા કપડાં પહેરવાના - ઘર મંદિરમાં પૂજા કરીને, ઘરના સભ્યો સાથે દેવ મંદિરોમાં દર્શને જવાનું, દર્શન કરીને વડિલોને વંદન કરવાના, અડોશી-પડોશી સગા-સ્નેહીને સાલ મુબારક કહેવાનું, મળવાનું, ભેટવાનું, પરસ્પર એકબીજાનો મીઠાઈ ખવડાવવાની, ધંધા કરનારા શુભ મુર્હુતે પેઢી ખોલે, મિત્રોને - સખીઓને મળવા જવાનું.... આખ્ખોયે માહોલ ઉલ્લાસમય હોય છે, આનંદમય હોય છે કારણ કે નવા વરસનો આનંદ બધાના ચહેરા પર હોય છે. કયાંક કોઈ ભૂલમા અથડાઈ જાય, ઘરમાં ધક્કો વાગેને ચા ઢોળાઈ જાય, માર્ગ પર ગાડી આમતેમ કરવી પડે તો યે લોકોના મનમાં ઉચાટ નથી આવતો કારણ કે હેયુ કહે છે કે હશે... થઈ જાય... સારા દિવસોમાં ઝઘડો ના હોય... અને આમ પોઝીટીવીટી આપોઆપ પ્રસરે છે ચારે તરફ નવા વરસે.

મહાભારતમાં ભીષ્મ કહે છે કે, હે યુધિષ્ઠિર, નૂતન વર્ષના આજે પ્રથમ દિવસે જે મનુષ્ય હર્ષમાં રહે છે એનું પૂરું વર્ષ હર્ષમાં પસાર થાય છે!! આમ આ દિવસ જ આનંદનો છે.

નૂતન વર્ષે વ્યક્તિગત રીતે નવા નવા સંકલ્પો થતા હોય છે, પોતાની ઉંમર, કારકિર્દી અનો વ્યવસાયના સંદર્ભે પરંતુ કેટલાક સંકલ્પો એવા છે, જે ઊંમરના બાધ વિના, થોડુંક મોટું મન રાખીને આપણે કરી શકીએ અને જો એ સંકલ્પો પામીએ તો આખું વર્ષ આપણને ઉલ્લાસ - આનંદ - ઉત્સવનો અનુભવ થાય... એમ કહી શકાય કે મોજ જાણે નવા વરસનો પહેલો જ દિવસ હોય એવું અનુભવાય.

સવારે ઊઠતાવેંત આપણે જે ધર્મ-સંપ્રદાય-ગુરુ કે ઈશ્વરને માનતા હોઈએ, એનું ધ્યાન-સેવા - પૂજા કરીએ... રાત્રે સુતા હતા એવા જ સ્વસ્થ આજે ઊઠ્યા એ માટે એનો આભાર માનીએ... કાગળ પર નકશા બનાવવા માત્રથી ઘર ના બને એમ સંકલ્પોની માત્ર યાદી ના કરીએ પણ રોજેરોજ પ્રાયોરિટી મુજબ કાળજી લઈએ. દરેક કાર્યને સમયસર કરીએ, આપણા કોઈ પણ કાર્યમાં દિલ-દગડાઈ ના કરીએ, સાચા હૃદયથી કાર્યને ન્યાય આપીએ અને ઉત્તમ કાર્ય જ કરીએ.

આપણનો રોજ મળતા ૨૪ કલાકમાંથી વધુ નહિ તો ૨૪ મિનિટ રોજ, આપણને જે કલા સ્વરુપમાં રસ હોય, એ કલા સ્વરુપ માટે ફાળવીએ તો દિલ બાગબાગ બની જશે.

ખુબ પુરુષાર્થ કરીએ - ખુબ પૈસા કમાઈએ પણ પરિવાર અને પ્રિયજનના ભોગે નહિ.... નિયમિતરૂપે પરિવારને પ્રિયજન સાથે સમય વિતાવીએ - પ્રવાસ કરીએ - યાત્રા કરીએ... રોજ થોડો સમય સાંભળીએ... ક્ષણિક શું છે અને શાશ્વત શું છે ? આ બંનેનો ભેદ સમજીએ. આપણી આસપાસ જોવા મળતા, રહેતા ગરીબો - જરૂરિયાતમંદો માટે સમય, પૈસા, વાત્સલ્ય જે આપી શકીએ એ પણ ઉમેરી શકો. આવા આ સંકલ્પોને સાકાર કરીએ.

●●●

**પ્રબિસી નગર કીજે સબ કાજ,**
**હૃદય રાખી કૌશલપુર રાજા.**
***- ગોસ્વમી તુલસીદાસજી***

# ન્યૂ યર મેસેજ કોપી પૅસ્ટ કરવાની સાથે સાથે ફિલીંગ્સ પણ કોપી પૅસ્ટ કરીએ...

આત્મીય,

એકવીસમી સદી જ્ઞાન-વિજ્ઞાન યંત્રને સમર્પિત છે, એટલે આપણે પણ યંત્રવત્ જ થથા જઈએ છીએ. અલબત્ત, માનવજીવનનાં મૂલ્યવાન વર્ષોમાં આપમે પ્રેમ, હૂંફ, વાત્સલ્ય, ઉષ્મા, સમજ, સંયમ, ઔદાર્ય, સૌહાર્દ સંવાદિતા કેળાવવા જ જોઈએ. જો કે એકવીસમી સદીની સહુથી મોટી મર્યાદા એ દેખાય છે કે આજે સંબંધોની માવજત કરનારાં લોકો જ વીસરાઈ રહ્યાં છે. એ અર્થમાં આ સદી આપણા મનુષ્યત્વને સંબંધોની સરિતા વહેતી રાખવા પડકાર કરે છે.

આજે સંયુક્ત કુટુંબો વિખેરાઈ ચૂક્યાં છે અને વિભક્ત કુટુંબોની વિભાવના જ અસ્તિત્વમાં છે ત્યારે એટલું તો અવશ્ય કહી શકાય કે

આજના માનવીમાં
શિક્ષણ છે, પણ કેળવણી નથી;
બુદ્ધિ છે, પણ ડહાપણ નથી;
આવડત છે, પણ અનુભવ નથી;
હોશિયારી છે, પણ હામ નથી;
ઐશ્વર્ય છે, પણ ધૈર્ય નથી;
કાબેલ છે, પણ કળા નથી;
મસ્તી છે, પણ મૌન નથી,
બળ છે, પણ કળ નથી
શક્તિ છે, પણ સૌંદર્ય નથી

અને તેથી જ કદાચ આજનો મનુષ્ય બહુ બધી જગ્યાએ મૂઝાતો હોય તેવું અનુભવાય છે.

તા. ૮ નવેમ્બર, ૨૦૧૮ને ગુરુવારથઈ શરુ થતું વિક્રમ સંવત ૨૦૭૫નું નૂતન વર્ષ આપ સહુના જીવન માધુર્યને સ-રસ, સમ-રસ અને સર્વ-ઉત્કૃષ્ટ નીવડે અને આપના સંબંધોની સરિતારૂપી સરવાણી જે માર્ગ પરથી પસાર થાય તે કેડી કે માર્ગને સાચ્ચા અર્થમાં પરિપ્લાવિત બનાવે એ જ અભ્યર્થના.

લી. ભાર્ગવ-મીતાના વંદન.

નવવર્ષની આ રસાળ શૈલીની મર્માળ શુભેચ્છા પત્રરૂપે ભાવનગરની સ્નેહશ્રી ભાર્ગવભાઈ અને મીતા બ્હેને મોકલી છે, જેને યથાતથ હું આપ સહું સાથે 'ગમતાનો ગુલાલ' કર્યા વગર મારી જાતને ન રોકી શક્યો.

દિવાળી-નૂતનવર્ષની અઢળક શુભેચ્છાઓ અને વન લાઈનર્સ ફોરવર્ડેડ મેસેજ આ બે-ત્રણ આપણા મોબાઈલના ઈનબોક્સને ગૂંગળાવી દેશે, ત્યારે પત્રરૂપે ઉપરોક્ત નવવર્ષની હૂંફાઈ શુભેચ્છા જહેમત સાથે મોકલીને અને મેળવીને નવું વર્ષ ખરેખર સર્જનાત્મક અને રચનાત્મક બની રહેશે તેવી પ્રતીતિ થયા વિના ન રહે.

ખરેખર મિત્રો, આજના આ યુગમાં 'સંબંધોની માવજત' એ જ મસમોટી કળા છે અને ઉષ્માપૂર્ણ સંબંધોનું આવું અખૂટ ભાથું આપણા સૌની જીવન વાટમાં નોળવેલ રૂપી પ્રાણ પૂર્યા કરે તે જ અભિષ્ટ છે.

આ નૂતન વર્ષે તમે કે હું એ જો આ દ્વૈતના ભાવમાંથી અદ્વૈત એટલે કે 'અમે' ના ભાવ સાથે પગરણ માંડશું તો નવું વર્ષ વધુ ફળશે.

ખરેખર વાત સાચી છે, આપણે યાંત્રિક થઈ રહ્યા છીએ. સોશ્યિલ મીડિયા જેવી પૂતના માસીના પંજા નીચે વ્યક્તિગત સ્વ-અભિવ્યક્તિ વિસ્મરી ચૂક્યા છીએ.

કોઈને માત્ર બે પંક્તિની નવા વર્ષની મૌલિક શુભેચ્છા પણ પાઠવી શકીએ તેટલા સર્જનાત્મક પણ રહ્યા નથી. એટલી હદે કોપી-પૅસ્ટમાં પારંગત બની રહ્યા છીએ કે નવું માત્ર એક વાક્ય પણ લખવાનું આવે તો અટવાઈ જઈએ છીએ.



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

નવા વર્ષની શુભેચ્છા-સંદેશાઓ જયારે આપણે ફોરવર્ડ કરીએ ત્યારે પ્રેમ, હૂંફ, વાત્સલ્ય, ઉષ્મા પણ ફોરવર્ડ કરવાનું ચૂકી જઈએ છીએ અને ઠાલા શબ્દો જ ફોરવર્ડ થઈ જાય છે, ભાવનાઓ નહીં.

નવવર્ષ એ શિષ્ટાચારરૂપી મુખોટુ બનીને શુભેચ્છિત કરવાની પરંપરા બની ચૂક્યું છે. બધું યંત્રવત્ છે.

આવતું વર્ષ આપણને વધુ સહજ, સરળ અને સર્જક બનાવે તો જે સંબંધો માત્ર 'હાય-હેલ્લો' પૂરતા મર્યાદિત રહ્યા છે, તે નવ પલ્લવિત બનશે.

પૈસાની જેમ સંબંધની પણ દરકાર થવી જોઈએ કારણ કે પૈસા તો કમાઈ લેવાના હજાર રસ્તા હશે, પરંતુ સંબંધ કમાવવા માટે તો શરણાગત અને હૂંફ, આત્મીયતા જ જરૂરી છે.

સંબંધ સાચવવા જરાય અઘરા નથી, પરંતુ સંબંધની સાથે જોડાયેલા અલગ-અલગ મન સાચવવા અઘરા છે, તેમા કુશળતા હોવી જરૂરી છે.

ટેબલ પર કાજૂ-બદામ-પીસ્તા જેમના તેમ પડ્યા રહે છે, ના કોઈ ઘરે આવે છે, ના તો આપણે કોઈને મળવા જઈએ છીએ.

ટેબલ ક્લોથ અને સોફા કવરને કરચલી પણ ન પડે તેટલી હદે વપરાયા વગરના ચોખ્ખા ચણાક આખો દિવસ કોઈ અતિથિના સ્પર્શ વગરના પડ્યા રહે છે.

ઘૂઘરા, મઠિયા અને મોહનથાળનો જમાનો ગયો, કારણ કે ઘરમાં પ્રેમથી અને ભાવથી બનાવીને ખવરાવવાના દિવસો ગયા, હવે સુગર ફ્રી ડાયેટ વાનગીઓથી પ્લેટ સજાવાય છે.

નવા વર્ષે ફોરવર્ડીયા મેસેજ ન મોકલીએ. અથવા કોપી પૅસ્ટ કરેલ શિષ્ટાચાર યુક્ત શબ્દોની આપલે સાથે ભાવભીના પણ થઈએ. હૃદયથી કૂણા પડવું એ અધિક જરૂરી છે. આપણા પોતાના આત્મીયોને એ અહેસાસ કરાવીને કે તેમનું સ્થાન આપણા જીવનમાં કેટલું મહત્ત્વનું છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# હૃદયના ઉંડાણમાંથી જે સુજે એ જ સાચો સંકલ્પ...

બૃહદારણ્યક ઉપનિષદમાં પ્રકાશના અદકેરા પર્વ દિવાળી માટે મઝાની ચાર લાઈનોનોની નાની પ્રાથનાનો ઉલ્લેખ જોવા મળે છે. 'અસતોમા સદગમય, તમસોમા જ્યોતિર્ગમય, મૃત્યુર્મા અમૃતમ ગમય, ઓમ શાંતિઃ ઓમ શાંતિઃ ઓમ શાંતિઃ' આનો સાદો સીધો અર્થ એ થાય છે કે, 'હે પ્રભુ, અસ્ત્યથી સત્યની તરફ અમને તું લઈ જા, અંધકારમાંથી ઉજાશ તરફ અમને તું લઈ જા, મૃત્યુમાંથી અમરત્વ તરફ અમને તું લઈ જા...' આપણા શાસ્ત્રોની મજા જ એ છે કે, એના ઉલ્લેખમાં સમસ્ત માનવ જાતના કલ્યાણની વાત હોય છે. આ પ્રાર્થનામાં પણ 'મને' નહીં 'અમને' સમગ્ર માનવ જાતના જીવનમાં પ્રકાશ પાથરવાની પ્રાથના છે. અસ્ત્યથી સત્યની તરફ મને એકલાને નહીં 'અમને' બધાને તું લઈ જા એવી ઉદાત ભાવના ઉજાગર થાય છે.

દીપાવલી એટલે નવા શુભ સંકલ્પ સાથે ઉપર ઉઠવાનો ઉત્સવ. જીવનમાં આગળ વધવાની કામના કરવાનો ઉત્સવ. સફળ થવા સાચા મનથી સંકલ્પ કરવો પડે. આ સંકલ્પને સાકાર કરવા સત્યનિષ્ઠાથી પ્રયાસ કરવા પડે. હિન્દી સાહિત્યના મશહુર કવિ અરૂણ મિત્તલ ઉન્મદ શબ્દોમાં કહે છે કે, 'યે પ્રકાશ કા અભિનંદન, અંધકાર કો દૂર ભગાઓ, પહેલે સ્નેહ લુટાઓ સબ પર, ફિર ખુશીયોં કે દીપ જલાઓ...'

સંસ્કૃત શબ્દ 'દીપાવલી'માં બે શબ્દની સંધિ છે. 'દીપ' એટલે દિવડો અને 'આવલી' એટલે શૃંખલા. દીપાવલીમાં ઘરો, મંદિરો, બજારો, માર્ગો ઉપર લાખો દીવડાઓની હારમાળાની ઝગમગાટ પ્રકાશ પાથરાતો હોય છે. દીપાવલી ભારત વર્ષના જુદા જુદા રાજ્યોમાં અલગ અલગ નામથી ઓળખાય છે. ઉડિયામાં દીપાવલી, બંગાળીમાં દીપાવાલી, ગુજરાતીમાં દિવાળી, સિંધિમાં દિયાળી, નેપાળીમાં તિહાર, મારવાડીમાં દિયાલી નામે આ તહેવારની ઓળખ છે. નામ ભલે જુદા પણ આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ એક સરખા.

પ્રાચીન સમયમાં ભારત વર્ષમાં કારતક અને મહા મહિનામાં ઉગેલા અનાજની લણણી બાદ એક તહેવારના રૂપમાં દિવાળી ઉજવવામાં આવતી હોવાનો ઉલ્લેખો જોવા મળે છે. પદ્મપુરાણ અને સ્કંધપુરાણમાં પ્રથમ સહસ્ત્રાબ્દિના બીજા ભાગના કેટલાક હિસ્સામાં દિવાળીના તહેવારનો વિસ્તૃત છણાવટ આપેલી છે. સ્કંધપુરાણ અનુસાર દિવડા સૂર્યનું જાગતું પ્રતિક દર્શાવવામાં આવ્યું છે. દિવડો સૂર્યનું ધરતી ઉપર પ્રતિનિધિત્વ કરીને પ્રકાશનો સૂત્રધાર માનવામાં આવે છે. સૂર્ય પ્રકાશ ઊર્જાનું પ્રતિક છે. હિન્દુ કેલેન્ડર અનુસાર કારતક અને મહા મહિનામાં સૂર્યની સ્થિતિ બદલાતી હોય છે.

કેટલાક હિન્દુ પરિવારો દિવાળીને યમ અને નચિકેતાની વાત સાથે જોડીને દિવાળીનો ઉત્સવ ઉજવતા હોય છે. યમ અને નચિકેતાના સંવાદમાં ખોટું જ્ઞાન અર્થાત અજ્ઞાન અને સાચું ધન એજ શિક્ષણ જેવી જીવનની મહત્વપૂર્ણ ફિલોસોફી સમાયેલી છે. યમ અને નચિકેતાની આ કહાની ઈ.સ. પૂર્વે પહેલી સહસ્ત્રશતાબ્દિમાં ઉપનિષદ ગ્રંથમાં વર્ણવાઈ છે. સાતમી સદીમાં નાગનંદમાં રાજા હર્ષના રાજમાં 'દીપપ્રતિપાદુત્સવઃ' કહેવામાં આવતું. એ સમયે નવપરણિત વર અને વધુને ભેટ સોગાદ આપવામાં આવતી. જયારે નવમી સદીમાં રાજશેખરજીએ કાવ્ય મિમાંસામાં 'દીપમાલિકા'નો ઉલ્લેખ કર્યો છે. એમાં તેમણે લખ્યું છે કે, ભારતમાં આ સમયમાં ઘરની સાફ સફાઈ કરીને રાત્રે તેલના દિવાઓથી ઘર, માર્ગો અને દુકાનો સજાવવામાં આવતી હતી.

જાણીતા ફારસી મુસાફર અને ઈતિહાસકાર અલ બેરૂનીએ ભારત ઉપર ૧૧મી સદીમાં કરેલા પરિભ્રમણ બાદ લખેલા સ્મરણોમાં વર્ણવ્યું છે કે, કારતક મહિનામાં નવા ચંદ્રમાના દિવસે હિન્દુઓ દ્વારા પ્રકાશને આવકારતો ઉત્સવ ઉજવવામાં આવે છે. યોગ, વેદાન્ત અને સામખ્યા વિયાલય જેવા શાસ્ત્રોમાં અનેક જગ્યાએ એવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે, વિશ્વમાં સૌથી શુદ્ધ, અનંત અને શાશ્વત જેવું કોઈ તત્વ હોય તો તે મનુષ્યનો આત્મા છે. દિવાળી આધ્યાત્મિક અંધકાર ઉપર આંતરિક પ્રકાશનું અદકેરું મહત્વ પ્રગટાવે છે. આ તહેવાર અજ્ઞાન ઉપર જ્ઞાનના અજવાશનો ઉત્સવ છે. અસત્ય ઉપર સત્યના વિજયનો આનંદ છે. બુરાઈ ઉપર અચ્છાઈના વિશ્વાસનો વાસ છે.

ભારતના કેટલાક પશ્ચિમ અને ઉત્તરી પ્રભાગોમાં દિવાળી હિન્દુ વર્ષની શરૂઆતનું પ્રતિક માનવામં આવે છે. દિવડા પ્રગટાવવાની પ્રથા પાછળ અલગ અલગ વિચારધારાઓ છે. રાજા રામ અને રાવણની ખૂબ જાણીતી વાત અનુસાર અત્યાચારી રાવણનો વધ કરીને ૧૪ વર્ષના વનવાસ બાદ મર્યાદા પુરુષોત્તમ રાજા રામ અયોધ્યા પધાર્યા તેની ખુશીમાં અયોધ્યાવાસીઓએ દીવડા પ્રગટાવીને ઉત્સવની ઉજવણી કરી હતી. જ્યારે કૃષ્ણપંથીઓ આ દિવસે સુદર્શન ચક્રધારી ભગવાન શ્રીકૃષ્ણએ દુષ્ટ નરકાસુરનો વધ કર્યો અને અનિષ્ઠ ઉપર ઈષ્ટનો વિજય થતાં પ્રસન્નતાપુર્વક દીપપ્રાકટ્ય દ્વારા દિવાળીનું પર્વ ઉજવે છે. અન્ય એક પૌરાણિક કથા અનુસાર ભગવાન વિષ્ણુએ નરસિંહ રૂપ ધારણ કરી દૂરાચારી હિરણ્યકશ્યપને ભોંયભેગો કર્યો અને દુરાચારીના ત્રાસથી લોકોને મુક્ત કર્યા તેનો આનંદ દીવડા પ્રગટાવીને મનાવવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે, આ દિવસે સમુદ્રમંથન પછી લક્ષ્મીજી અને ધનવંતરીજી પ્રગટ થયાં હતાં. અને સમાજમાં સુખ, સમૃદ્ધિ આવી હતી.



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

દિવાળીને મહાપર્વ એટલા માટે કહેવાય છે કે, પ્રતિવર્ષ સંકલ્પો લેવાનો આ શુભ અવસર સાંપડે છે. એટલે એને સંકલ્પોત્સવ તરીકે પણ મૂલવવામાં આવતો હોય છે. દિવાળીમાં સંકલ્પોના ઘીથી દિવડા પ્રગટાવવાના હોય છે. કઈ બાબત સૌથી વધુ પ્રેરણા આપી આગળ લઈ જતી હોય છે તે આપણે સ્વયં જ નક્કી કરી શકીએ. હ્યુમન બિહેવીયરના વિષય ઉપર ખૂબ લાંબુ ખેડાણ કરી ચૂકેલા ઓસ્ટ્રેલિયાની જેમ્સ કૂક યુનિવર્સિટીના મનોવૈજ્ઞાનિક ડૉ. એન. સ્વિન બર્નની અનુભવવાણી કહે છે કે, લાંબી દડમજલ માટેના સંકલ્પોને ટૂકડાઓમાં વહેંચીને એને પ્રતિદિન પોષવાની વૃત્તિ સંકલ્પને સફળ બનાવે છે. સંકલ્પની સર્જનાત્મકતા ટકાવી રાખવા લાંબાગાળાનું મજબૂત આયોજન મહત્વનો ભાગ ભજવે છે.

ઓક્ષફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર નીલની દલીલ છે કે, વ્યક્તિને પોતાની પ્રતિષ્ઠા ખૂબ વહાલી હોય છે. વ્યક્તિ જયારે પોતાનો સંકલ્પ સાર્વજનિક રીતે જાહેર કરતો હોય છે ત્યારે તે લોકોમાં તેની સંકલ્પશક્તિ નબળી છે એવું સાંખી નહીં લે. એટલે સંકલ્પની જાહેરાત એક રીતે જોઈએ તો પ્રેરકબળ બની રહે છે.

એકવાર લીધેલાં સંકલ્પ સાકારાત્વ પ્રાપ્ત થાય ત્યાં સુધી વળગી રહેવા માટેનો આસાન રસ્તો 'હેમર ટેકનોલોજી'નો છે. સંમયાંતરે સંકલ્પનું સ્મરણ અને અમલીકરણ અગત્યનું છે. વારંવાર સંકલ્પની યાદનો હથોડો મગજ ઉપર મારવાથી સંકલ્પ સિદ્ધિની ખિલ્લી બરાબર મનની દિવાલ ઉપર બેસી જશે અને એની ઉપર સંકલ્પની સરસ મજાની તસવીર શોભી ઉઠશે. દરરોજ સવારે ભગવાનની મંદિર સામે બેસી હાથ જોડવાની ક્રિયા સતત ચાલે પછી એ એક સંસ્કાર બની જતાં હોય છે. રોજરોજ વારંવાર થતી પ્રવૃત્તિ જે રીતે સંસ્કારનું રૂપ ધારણ કરે છે એમ શુભ સંકલ્પો સતત વાગોળવાથી હૃદયના ઊંડાણ સુધી પ્રવેશવા માટે જોરદાર ગતિ કરે છે. સંકલ્પ એક શક્તિ છે. સંકલ્પ સૌજન્ય છે અને સંકલ્પો જ સંસ્કારનું રૂપ ધારણ કરતાં હોય છે.

દિવાળીમાં ઘણા લોકો અવનવા સંકલ્પોની સૃષ્ટિ ખડી કરશે. સ્વપ્નમાં પણ ન વિચાર્યા હોય એવા સૂચનોની શ્રૃંખલા પ્રસ્તુત કરશે. દુનિયામાં સૂચનોવિરોની કોઈ કમી નથી. આ બધાને વાંચો ખરા, જુઓ જરૂર, સાંભળો ચોક્કસ, પણ સંકલ્પ તો એ જ કરો કે, તમારા હૃદયમાંથી ઉછળીને બહાર આવે. એમ થાય કે, નવા વર્ષે રોજ સાંજે કે પછી અઠવાડિયે એકવાર અગાશીમાં પલાઠી વાળી ખુલ્લા આકાશને જોઈશ. આકાશમાં વિહરતા પંખીઓને માણીશ તો એ જ સંકલ્પ કરો. કોણે કહ્યું કે, સંકલ્પ મોટા જ હોવા જોઈએ, સંકલ્પો ભારેખમ હોવા જોઈએ.

સંકલ્પ તો એવા હોવા જોઈએ કે જે હૃદયમાં આનંદ આપે. મન ભર્યું ભર્યું થવા લાગે. ચિત્તમાં પ્રાણ ભરી દે. સંકલ્પ તો બસ એક ઉર્ધ્વગામી વિચારનો આનંદ માત્ર છે. જે પણ સંકલ્પ સુજે એનાથી દિવાળીને સજાવીએ, સત્કારીએ. આ વર્ષે જીવનને વધુ એકવાર સવારવા ઈશ્વરે આપેલી તકને મન ભરીને ઉજવીએ.

**ધબકાર :**

કોઈપણ સંકલ્પને એના ભૌતિક પ્રાપ્તિના કદ કે સમયના દાયરા મુજબ માપદંડોમાં બાંધી ન શકાય. કોઈપણ સંકલ્પ નાનો નથી કે કોઈ સંકલ્પ મોટો નથી, સંકલ્પ તો બસ સંકલ્પ છે.